







કરે છે તંગ નજીબ, કેન્દ્રનો એને સંગ છે,
દંગ છે પ્રજા, કાયદા-બંધારણનો ભંગ છે,
જંગ છે લોકતંત્રનો સરમુખત્યારી સામે -
'દિલ્હી રાજ'માં લોકશાહીનો આ કેવો ઢંગ છે?!
(કેજરીને ત્રાસ આપી આ લોકો
આત્મહત્યા કરાવશે?!)




આપે છે નેતા
કાયદા ને પલિતા -
'જય'-લલિતા..
(છે શરમ કોઇને?!)

કરે નિકાલ -
એક પછી એક નો -
અમેરિકનો..
(લગાવો નારા, દેખો-મોદી મોદી)

## ચિંતન

**પાદેન ક્રમ્યતે પંથા, માનહીનં ચ ભોજનમ્ । અવિવેકી પ્રભોઃ સેવા પાતકં કિમતઃ પરમ્ ॥**

રોજ રોજ પગે ચાલીને દૂર સુધી નોકરી ધંધાના સ્થળે પહોંચવું પડતું હોય (અથવા ચાલી ચાલીને જ નોકરી-ધંધા કરવાનો હોય) રોજ રોજ અપમાનપૂર્વક ખાવા મળતું હોય, અને ઉદ્ધત-અવિવેકી શેઠ-સ્વામી-ઉપરી અધિકારીની સેવામાં રહેવું પડતું હોય, એનાથી અધિક પાતક-પતન-દુખ-વિપત્તિ બીજું શું હોઇ શકે?

નોકરી ધંધાનું સ્થળ, રહેઠાણની તદ્દન નજીક હોવું જોઇએ. મુંબઇ-વડોદરામાં કે અપડાઉન કરતા લોકો આવવા-જવામાં ત્રણ કલાક ખર્ચે - આઠ કલાકની નોકરી - ૨૪ કલાકમાંથી જીવંત બાર કલાક નકામાં ખર્ચાઇ જાય. આવી જિંદગી જીવવાનો શું અર્થ? માણસ ખાવા માટે નથી જીવતો. જીવન જીવવા માટે ખાય છે. ઘર પરિવાર બાળકો સંગીત-શોખો એ 'જીવન' છે.

વાત્સલ્ય-પ્રેમ-લાગણીપૂર્વક થયેલી રસોઇની મીઠાશ કંઇક ઓર છે. સ્ત્રી કોના માટે કેવી રીતે રાંધે અને પીરસે છે એના પરથી 'જીવન'નો ખ્યાલ આવી જાય છે. શુષ્ક-લાગણીશૂન્ય ભોજન એક જાતનું અપમાન જ છે.

નોકરી-ધંધો-સેવા લાગણીપૂર્ણ વ્યવહાર સંબંધો રાખે, એવા શેઠ-માલિકની જ સેવા થાય ઉગ્ર સ્વભાવના અને પગલે પગલે અપમાન કરે એવા શેઠની સેવા-ગુલામી ન થાય.

## સુવિચાર

- માનવ જીવનની સૌથી મોટી ચિંતા અજાણ ભવિષ્યની અસલામતી છે અને સૌથી મોટી આશા પણ ભવિષ્ય પરનાં ભરોસામાં છૂપાયેલી છે. પસંદગી તમારી છે **- ડો. પ્રશાંત ભીમાણી**
- તું ભલે ને ખૂબ પ્રજ્ઞાવાન હોય છે.. આખરે તો સમય જ બળવાન છે **- શયદા**
- આપણી મૂળ સમસ્યા એ છે કે અહીં ઇશ્વર ને કેમ ભજવા તેના રાતદિવસ જાણે ટ્યુશનો ચાલે છે.. પણ એક માણસે બીજા માણસ સાથે કેવો સૌજન્યપૂર્ણ વ્યવહાર કરવો એનો કક્કોય શીખવવામાં આવતો નથી **- ભક્તિ સૂત્ર**
- મહેમાનોને બગીચો બતાવવાનો હોય... ખાળકૂવાનું ઢાંકણું ખોલીને ના બતાવાય **- શ્રીલંકન કહેવત**
- પ્રેમને સમજવો અને પ્રેમ કરવો એ બે વચ્ચે રસગુલ્લાં બનાવવા અને રસગુલ્લા ખાવા જેટલો તફાવત છે.. પ્રેમમાં ઉત્કટતા કરતાં પરિપક્વતા વધુ જરુરી છે **- એસ. ભટ્ટાચાર્ય**
- આપણી વાંસળીમાં રેલાવીએ વેદનાના સૂર, ઝીલનાર ઝીલી લેશે.. પાસે હશે કે દૂર **- મકરંદ દવે**
- સાચા પ્રયત્ન છતાં નિષ્ફળ જવાય તો પણ પ્રામાણિક પ્રયાસનો આનંદ લઇ શકાય **- નવનિત**

**(સંકલન : દિપક વી. આસરા)**

## બોધ કથા

ઘણીવાર સમજુ, ત્યાગી, સંત જેવી વ્યક્તિને પણ કોઇ નાની-ક્ષુલ્લક વસ્તુ માટે, મોટી માયા બંધાઇ જતી હોય છે જે છૂટી નથી શકતી, વસ્તુ દરેક ક્ષણિક અને નાશવંત જ હોય છે.

જાપાનના પ્રસિદ્ધ સંત ઇક્કુ નાના હતા ત્યારથી પ્રતિભાવંત અને જ્ઞાની હતા. વિદ્યાર્થી અવસ્થામાં, એકવાર એ શિક્ષક વંદના માટે એમના શિક્ષકને ઘેર ગયા.

શિક્ષકને પણ ઇક્કુ. હોશિયાર-બુદ્ધિશાળી હતા તેથી ખૂબ પ્રિય હતા. પ્રિય વિદ્યાર્થી પાસે પ્રેમ વ્યક્ત કરતાં ઓ બોલ્યા. ઇક્કુ, લે આજે તને મારા નકસીદાર કિમતી ચા ના પ્યાલામાં તને ચા આપું છું. આ કપ હું કોઇને આપતો નથી. કાચનો છે પણ મોંઘો છે, મને ખૂબ જ પ્રિય છે..

ઇક્કુ, તો ચા નો કાચનો કપ જોઇ આશ્ચર્યમાં પડી ગયા. આવા, જ્ઞાની બુદ્ધિશાળી શિક્ષક આ કાચના કપની આટલી બધી પ્રશંસા કેમ કરે છે?

શિક્ષક બાજુના ખંડમાં ગયા.

આવ્યા ત્યારે ઇક્કુ એ પૂછ્યું - ગુરુજી! માણસ કેમ મૃત્યુ પામે છે?! શિક્ષક કહે, બેટા જે જન્મે તે મૃત્યુ પામે જ - બધું જ નાશવંત છે..

અને ઇક્કુ એ જમીન પર પડેલા કાચના ટૂકડા બતાવી કહ્યું, સાહેબ 'તમારો કપ પણ મરી ગયો!'

Email - sureshchandrabhatt18@gmail.com

# પ્રાકૃત સાહિત્યના વિદ્વાન ડો. રમણીકભાઇ શાહને "આગમ પ્રભાકર મુનિરાજશ્રી પુણ્યવિજયજી ચંદ્રક" ડો. કુમારપાળ દેસાઇના વરદ્હસ્તે અર્પણ કરવામાં આવ્યો

## સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ
## શબ્દ સેતુ

**સંપાદકો : નટવર હેડાઉ/મૂળજીભાઇ પરમાર 'દધિ'**

ગાંધીનગર સાહિત્ય સભાના સહમંત્રી રમણલાલ શ્રીમાળીના પ્રથમ કાવ્ય સંગ્રહ "વાંસળીના સૂર" નો વિમોચન કાર્યક્રમ, તા. ૨૭.૫.૨૦૧૫ને બુધવારના રોજ સાંજના ૪.૩૦ કલાકે, ગાંધીનગર સાહિત્ય સભા અને વિકાસ એજ્યુકેશન ટ્રસ્ટ, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે અને કૃષ્ણકાન્ત જહાના અધ્યક્ષસ્થાને; મુખ્ય મહેમાન ડો. દલપતસિંહ પઢિયાર, વિશેષ આમંત્રિત ભાનુપ્રસાદ પુરાણી અને અતિથિ વિશેષ ભરત કવિ 'ઊર્મિલ'ની ઉપસ્થિતિમાં, બ્રહ્માણી કૃપા હોલ, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કેમ્પસ, ઘ-૬ કોર્નર, સેકટર-૨૩, ગાંધીનગર ખાતે યોજાનાર છે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા ભાવભીનું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. ગાંધીનગરની પાંગરતી પ્રતિભાને ગાંધીનગર સાહિત્ય સભા તરફથી ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છાઓનો દધિ છલકતો રસથાળ સાદર!

●●●

પ્રાકૃત સાહિત્યના વિદ્વાન ડો. રમણીકભાઇ શાહને "આગમ પ્રભાકર મુનિરાજશ્રી પુણ્યવિજયજી ચંદ્રક" ડો. કુમારપાળ દેસાઇના વરદ્હસ્તે અર્પણ કરવામાં આવ્યો.

●●●

અભિનેતા શ્રીકાંત સોનીને ગુજરાતી ફિલ્મમાં અણમોલ પ્રદાન માટે રૂા. ૧૧,૦૦૦નો કાંતિ મડિયા કલા એવોર્ડ, આરાધના ચેરિટી ટ્રસ્ટ, કલાપીનગર - લાઠીના ઉપક્રમે એનાયત કરવામાં આવ્યો.

●●●

રાષ્ટ્રપતિ પારિતોષિક સન્માનિત આચાર્ય તથા લેખક રમેશ પટેલ - સંપાદિત ગ્રંથ "મધપૂડા" નો વિમોચન સમારોહ, વરિષ્ઠ લેખક અને પદ્મશ્રી ડો. પ્રવીણ દરજીના સાનિધ્યમાં તા. ૭.૩.૨૦૧૫ના રોજ યોજાઇ ગયો.

●●●

કવિ હર્ષદ ચંદારાણાને ગુજરાતી સાહિત્યમાં નોંધપાત્ર પ્રદાન માટે રૂા. ૨૫,૦૦૦ ની ધનરાશિ સાથે "સને ૨૦૧૪નો મેઘાણી એવોર્ડ" મોરારિ બાપુના વરદ્ હસ્તે એનાયત થયો. આ એવોર્ડ અગાઉ કવિ રમેશ પારેખ (૨૦૦૪), કવિ ભગવતીકુમાર શર્મા (૨૦૦૫)ને અપાયેલ હતો. તે પછીના એવોર્ડ રઘુવીર ચૌધરી (૨૦૦૬), રાજેન્દ્ર શુક્લ (૨૦૦૭), ખલિલ ધનતેજવી (૨૦૦૮), નયન દેસાઇ (૨૦૦૯), મનોહર ત્રિવેદી (૨૦૧૦), વિનોદ જોષી (૨૦૧૧) માધવ રામાનુજ (૨૦૧૨), નીતિન વડગામા (૨૦૧૩), હર્ષદ ચંદારાણા (૨૦૧૪), અશોક વડગામા ગોસ્વામી (૨૦૧૫) તેમજ યુવા કાવ્યપ્રતિભા એવોર્ડ મતુષ જોશી તથા "લોકસાહિત્ય આજીવન સેવા એવોર્ડ ભીખુદાનભાઇ ગઢવીને, આમ એકી સાથે બાર સાહિત્યકારોને એકસરખી ધનરાશિ રૂપિયા પચ્ચીસ હજાર રોકડા, શાલ અને સ્મૃતિચિહ્ન ઉપરાંત કવિ-પત્નીઓને સુરતની સિલ્કની સાડીઓ આપવામાં આવી."

●●●

ગુજરાતી સાહિત્યમાં નોંધપાત્ર પ્રદાન માટે રૂા. ૧૧,૦૦૦ હજારની ધનરાશિ સાથે પ્રારંભનો અને પ્રતમ, સને ૨૦૧૫નો "રાજવી કવિ કલાપિ એવોર્ડ-૨૦૧૫, કવિ હર્ષદ ચંદારાણાને કલાપી નગર- લાઠી ન વતની અને વિખ્યાત ઉદ્યોગપતિ મનજીભાઇ ધોળકિયાના વરદ્ હસ્તે એનાયત થયો. કલાપી-તીર્થના સર્જક અને અમરેલી જિલ્લાના પૂર્વ કલેકટર કવિ પ્રવીણ ગઢવીએ ખાસ હાજરી આપી હતી."

●●●

વરિષ્ઠ ગુજરાતી સાહિત્યકાર અને સમાજચિંતક ડો. કેશુભાઇ દેસાઇને તાજેતરમાં મહામહિમ રાજયપાલ ઓ.પી. કોહલીના વરદહસ્તે "સારસ્વત એવોર્ડ" તથા ભૂજ (કચ્છ) ખાતે યોજાયેલ હિંદી સાહિત્ય સંમેલન, પ્રયાગનું સર્વોચ્ચ સન્માન "સાહિત્ય વાચસ્પતિ" એનાયત થયું હતું. આ હિંદી સાહિત્ય સંમેલનનું સર્વોચ્ચ સમ્માન અગાઉ પૂ. મહાત્મા ગાંધી, મદનમોહન માલવીય, ડો. રાજેન્દ્રપ્રસાદ સહિતય ગુજરાતી સર્જકો પૈકી ક.મા.મુનશી તથા ગુલાબદાસ બ્રોકરને અર્પણ કરાયું હતું.

●●●

મધ્યપ્રદેશના જબલપુર શહેરની ઐતિહાસિક વિદ્યાસંસ્થા "શ્રી જાનકીરમણ મહાવિદ્યાલય" ખાતે યુ.જી.સી. પ્રાયોજિત "ગૌ સંરક્ષણ અને સંવર્ધનમાં સાહિત્યની ભૂમિકા" એ વિષય પર યોજાયેલ રાષ્ટ્રીય પરિસંવાદમાં અધ્યક્ષ તરીકે ઉપસ્થિત રહી જાણીતા સર્જક - સાહિત્યકાર અને સમાજચિંતક ડો. કેશુભાઇ દેસાઇએ સાહિત્યમાં "પ્રાણી વિમર્શ" નો શુભારંભ કરતાં જણાવ્યું હતું કે સૃષ્ટિમાં જીવમાત્રને જીવવાનો અધિકાર મળે તે દિવસની આપણે આતુરતા પૂર્વક રાહ જોઇ રહ્યાં છીએ. માણસે એના સ્વાર્થ ખાતર બાકીની તમામ જીવ સૃષ્ટિના સર્વનાશની હિંસક વૃત્તિ વિકસાવી છે, તેમાંથી એને બહાર કાઢવાની નૈતિક જવાબદારી સાહિત્યની છે. ડો. કેશુબાઇ દેસાઇએ જબલપુર ગુજરાતી સમાજના સભ્યો સમક્ષ માતૃભાષાના મહત્ત્વ વિષે મનનીય વ્યાખ્યાન આપ્યું હતું. યજમાન સંસ્થા તથા જબલપુરના સાહિત્યકારોએ ડો. કેશુભાઇ દેસાઇનું વિશેષ સન્માન કર્યું હતું. પાટનગર ગાંધીનગરના એક મેધાવી ગુજરાતી સાહિત્યકારને મળેલ "સારસ્વત એવોર્ડ" "સાહિત્ય વાચસ્પતિ" સમ્માન અને માતૃભાષા ગુજરાતીને ગુજરાત બહાર પણ રણકતી અને ધબકતી રાખી તેની શ્રેયતા માટેના અમોલ અને અનુપમ યોગદાન બદલ, ગાંધીનગર સાહિત્ય સભા તરફથી ડો. કેશુભાઇ દેસાઇને અંતરના ખૂબ ખૂબ અભિનંદનસહ, દધિ છલકતી શુભેચ્છાઓનો રસથાળ સાદર!

● **કાવ્ય સેતુ : સમય...!**

વગર કાંટે ને કાચટે હરદમ તોલાય સમય !
વિના છૂરી ને તેગવિણ, ચોફેરથી છોલાય સમય !
કયારેક સંકોચાય તો, ઘડીભર વિસ્તરાય સમય !
અગ્નિસમ પ્રગટીને, ધૂમાડો થૈ ધૂંધવાય સમય !
વંટોળિયે વિંટળાઇને, દૂર દૂર ફેંકાય સમય !
ભરતી જેમ ઉમટીને, ઓટ જેમ ખેંચાય સમય !
દિલે અમીટ છાપ છોડી, શિલ્પશો કોરાય સમય !
ફૂલોની પરિમલ જેમ, મઘમઘી ફોરાય સમય !
કદી કોઇનો સાથ ન કરે,છમછમ ફોરાય સમય !
ફીણ છોડી, આછરે મોજાં દધિ ઘણું કહી જાય સમય !
શૂન્યતામાં પડઘાય ને કાળમાં મળી જાય સમય !
મહત્તા જયાં સરજાય ત્યાં તો, વ્યોમે ઢળી જાય સમય !
સમય-સરિતા વિલીન થૈ, કાળદધિમાં મળી જાય સમય !
આવે ધમધમતો વર્તમાન થૈ, ભૂતકાળે ભળી જાય સમય !

- મૂળજીભાઇ પરમાર 'દધિ'

● **અવળવાણી**


પ્રયત્ન કરીએ છીએ :
હરિયાળીને બચાવવાનો,
પશુપક્ષીને બચાવવાનો,
પર્યાવરણને બચાવવાનો;
પણ
એવો કોઇ પ્રયત્ન છે ખરો ?
સારપને બચાવવાનો,
માનવને બચાવવાનો,
માનવતાને બચાવવાનો,
ને
મનાવરણને સુધારવાનો ?

# સમુદ્રના ઉપરી સ્તરનું પાણી ગરમ થતાં, હરિકેન, ટાઇફૂન, ટોર્નેડો અને તીવ્ર વાવાઝોડાની શક્યતાઓ વધે

## ગ્લોબલ વોર્મિંગ : તેની ગરમીની સંભવિત અસરો

**- પી.ડી. વાઢેર**

ગ્લોબલ વોર્મિંગને લીધે જળશોષણ થતાં જંગલોમાં ભીષણ આગ લાગે, તેથી વાતાવરણમાં $CO_2$ નું પ્રમાણ વધે આથી ગ્લોબલ વોર્મિંગ વધે પાણીનું તાપમાન વધે તેથી દરિયાઇ જીવસૃષ્ટિ ઉપર ખતરો ઊભો થાય. આબોહવાના ફેરફારથી ઘણાં પાર્ક, વન્યપશુ, પરવાળા સામે ખતરો ઊભો થાય. જેથી જૈવવૈવિધ્ય ખતમ થવા લાગે. વિશિષ્ટ પરિસ્થિતિમાં વિકાસ કરનાર જાતિઓ લુપ્ત થાય.



ગરમ પ્રદેશોમાં સમુદ્રનું પાણી ગરમ થતાં, તેનું કદ વધતાં પાણીની સપાટી ઊંચી આવે અને એક અંદાજ મુજબ પાણીની આ સપાટી સને ૨૧૦૦ સુધીમાં ૪૮ સે.મી. ઊંચે આવતા તટીય વિસ્તારોમાં પૂર. આવે. જયાં દુનિયાના ૧/૩ લોકોનો વસવાટ અને આરથિક માળખું કેન્દ્રિત થયેલું છે. આના પરિણામે, કૂક, પેસિફિક, માર્શલ ટાપુ, માલ્દીવ અને કેરેબિયન ટાપુ - રાષ્ટ્રો ઉપર પાણી ફરી વળે. અથવા પાણીમાં ગરકાવ થઇ જાય. આ રીતે લંડન અને લોસ એન્જલ્સ પણ સલામન ન



ગણાય. સમુદ્રની સપાટી ઊંચે આવે છે તેના પુરાવારુપ બંગાળના અંખાતમાં સુંદરબન, લોહચારા, સુપારીભંગ ટાપુઓ સમુદ્રમાં ગરકાવ થઇ ગયા છે. આ ખારાશવાળા પાણીને લીધે દરિયાકિનારાના જળસંચયસ્તરો દૂષિત થાય.

ધ્રુવ ઉપરના બરફ સ્તર (શીટ્સ) અને હિમનદ (ગ્લોસિયર્સ) થોડાક પણ પીગળે તો દુનિયાના સમુદ્રોની જળસપાટી ઘણી ઊંચે આવતાં ઘણાં પ્રદેશો ડૂબમાં ચાલ્યા જાય. સમુદ્રના ઉપરી સ્તરનું પાણી ગરમ થતાં, હરિકેન, ટાઇફૂન, ટોર્નેડો અને તીવ્ર વાવાઝોડાની શક્યતાઓ વધે.

ગ્લોબલ વોર્મિંગની માનવ સ્વાસ્થ્ય પર ગંભીર અસર થાય. IPCC ના ૧૯૯૫માં અહેવાલ મુજબ ગ્લોબ વોર્મિંગથી હવા ગરમ થતાં વૃદ્ધોના મૃત્યુમાં બે થી ત્રણ ઘણો વધારો થાય.

ઉપરોક્ત અસરોથી બચવા જીવાશ્મિ ઇંધણ ક્રમશ કમ કરવું. વનવિકાસ કરવો. $CO_2$ નું ઉત્સર્જન ઘટાડવું, બિનપરંપરાગત ઉર્જાનો ઉપયોગ વધારવો. વસ્તી વધારો ઘટાડવો. પૃથ્વીની સપાટી ઠંડી રાખવા સમતાપ મંડળમાં સૂર્યના પ્રકાશનું પરાવર્તન કરતા સલ્ફેટના સૂક્ષ્મ કણોનું અંતઃક્ષેપણ કરવું, $N_2O$ નું પ્રમાણ ઘટાડવા રાસાયણિક ખાતરો બંધ કરી તેનો નિર્દોષ



વિકલ્પ શોધવો. જંતુનાશક દવાઓનો ઉપયોગ સદંતર બંધ કરવો. ઉર્જા બચાવવી, હવાનું પ્રદૂષણ ઘટાડવું, પાણીની બચત કરવી, જળપ્રદુષણ અટકાવવું, ઘન અને જોખમી કચરો ઘટાડવો.

આમ ઉપર જણાવેલ ઉપાયો કરવાથી ગ્લોબલ વોર્મિંગના સંભવિત જોખમોથી બચી શકાય અને આવનારી પેઢીની સુખાકારી વધે તેવી પૃથ્વીની ભેટ બેશક આપી શકાય.

# જે રીતે આપણે આપણા પરિવાર હિતચિંતક હોઇએ છીએ તે જ પ્રકારે સમગ્ર દેશમાં કઇ કઇ મુશ્કેલીઓ છે, જનતાની કયાં કયાં સમસ્યાઓ છે તેની અહર્નિશ ચિંતા 'સરદાર' કરતા


## ધૈર્યનો મહામેરુ

**- ડૉ. આર જે. વ્યાસ**

એકત્રીસ ઓકટોબર એટલે સરદાર વલ્લભભાઇની જન્મ જયંતિ. આ પુનિત દિન એટલે રંગ અવધૂતની પણ જન્મજયંતી. એક રાજકીય ક્ષેત્રે વિરાટ મહામાનવ તો બીજી અધ્યાત્મક્ષેત્રે સ્મરણીય મહાસંત. બંનેના ઉમદા હૈયામાં દેશબાંધવોને સ્વતંત્ર, સર્વપ્રકારે સુખી અને સંપન્ન જોવાની ઉત્કટ વેદના. પરિણામે આજે પણ આપણા સૌના સન્માનીય અને પૂજનીય મહાનુભાવો રહ્યાં છે.

સરદાર વલ્લભભાઇ પટેલ પૂજ્ય બાપુના બહાદુર અશ્વારોહી સૈનિક હતા. કસોટીના કોઇ પણ પ્રસંગે કાયરેક પીછે હઠ ન કરનાર, ગમે તેટલા ઘણ મારવામાં આવે પણ આ હીરો તૂટે નહીં એવા ગુજરાતનાં વીર સપૂત વલ્લભભાઇ યોગ્ય રીતે જ 'સરદાર' તરીકે ઓળખાયાં.

આજે દેશના કેટલાંક રાજયોમાં કિસાનોને આત્મહત્યા કરતાં સાંભળીએ છીએ ત્યારે 'સરદાર'ની સ્મૃતિ થઇ આવે છે. સરદારની હટ્ટી કિસાન હતી. વીજળીના સંચારની જેમ ખેડૂતોના હિત માટે મરી ફીરનાર હતા. કાશ, આજ સરદાર જીવિત હોત તો! બેરિસ્ટર હોવા છતાં અંત તક દેહાતી જ રહ્યાં. ગ્રામીણની જેમ ખુરદરી ભાષા બોલતાં એવા સરદારની વાણી જેમને પણ લાગુ પડતી તેમને તીરની જેમ ભોંકાતી. પરંતુ સરદારનું ભિંતરી હૃદય કોમળ હતું. આ કોમળ હૃદય કિસાનોના દુઃખથી દ્રવિત હતું. અહિંસક શસ્ત્રથી બારડોલી સત્યાગ્રહનો ઇતિહાસ સુવર્ણાક્ષરે અંકિત થયો.



બીજી અભૂતપૂર્વ ઘટના... અનેક નાના નાના રાજયો, રજવાડાઓને વિલીન કરી દેશમાં અખંડ રાજય સ્થાપિત કર્યું. આ દૂરંદેશી હિંમત તો સરાદર જ દાખવી શકે. જે પ્રકારે શિવાજીના કારણે તેમની જનતા હિંમતથી રહી શકી હતી. તે જ રીતે મહાશાસનના આ સૂત્રધારને કારણે ભારતની જનતામાં વિશ્વાસ, હિંમત અને ધૈર્ય સર્જાયું હતું. સાફ સાફ વાણીમાં નિર્ભિકતાથી દેશહિત માટે પ્રહાર કરવામાં તે સહેજ પણ ડગમગ થતાં નહીં.

જે રીતે આપણે આપણા પરિવાર હિતચિંતક હોઇએ છીએ તે જ પ્રકારે સમગ્ર દેશમાં કંઇ કઇ મુશ્કેલીઓ છે, જનતાની કયાં કયાં સમસ્યાઓ છે તેની અહર્નિશ ચિંતા 'સરદાર' કરતા. જીવનના આધ્યાત્મિક સ્તરને ઊંચે લઇ જનાર ધ્યાનયોગીની સેવા અવ્યક્ત સ્વરુપે હોય છે. જયારે લોકજીવનને સુખી બનાવવા અને જનતાની કઠિનાઇ, દુઃખ દુર કરવામાં જીવન સમર્પિત કરતાં કર્મયોગી સમાજ સેવકની સેવા વ્યક્ત સ્વરુપે હોય છે.

પૂજ્ય બાપુના નિકટતમ સાથી સરદાર હતા. જે દિવસે બાપુ નિર્વાણ પામ્યા તે દિવસે તેમની સાથે 'સરદાર' હતા. આ તેમની અંતિમ મુલાકાત હતી. હજુ તો સરદાર બાપુ સાથે દેશ માટેની વાતો કરીને નીકળ્યા ને પૂ. બાપુ તો ભગવાનની પાસે પહોંચી ગયા. સરદાર ઘર સુધી પણ પહોંચ્યા નહોતા અને આ દુઃખદ સમાચારથી તેમને પાછા ફરવું પડ્યું. બાપુના વિયોગના શોકને તેમણે હૃદયમાં દફનાવી દઇ પ્રાપ્ત કર્તવ્યમાં તે લાગી ગાય, સમગ્ર દેશમાં શોકાતુર લોકો, દેશમાં મહાતોફાન સર્જાય એવું વાતાવરણ આ પરિસ્થિતિમાં આ નીડર પુરુષ ધૈર્યનો મહામેરુ બની રહ્યા.

એમના જીવનમાંથી એ જ પાઠ શીખવાનો છે કે શોકાતુર વ્યથિત થવા છતાં પણ પોતાના નિયુક્ત કર્તવ્યની જવાબદારીમાં લાગી જવું જોઇએ. આ મહામાનવે ગીતા કર્મયોગને પચાવ્યો. અને તેથી જ પ્રાપ્તં પ્રાપ્તં ઉપાસીત હૃદયેન અપરાજિતઃ । એક સંત અને બીજા રાજયોગીને શત શત પ્રણામ.